સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૬–૬–૨૦૧૫ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

:: :: :: ::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૧૨–૬–૧૫ ના પત્ર નં. સી.મી.સ./૮/૧૦ થી વિદિત થઈ, તેમજ સમિતિની સભામાં હાજર રહેલા શહેરી વિકાસ અધિકારીશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૫ (સરથાણા–પાસોદરા–લસકાણા) માં નીચે જણાવ્યા મુજબના સુધારાઓ કરવાનું અને સ્કીમમાં તેને આનુસાંગિક ફેરફારો કરી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૫ (સરથાણા–પાસોદરા–લસકાણા) ના મુસદ્દાને ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ–૪૮(૧) હેઠળ મંજુરી મેળવવા અર્થે નામદાર સરકારશ્રીમાં સાદર કરવા મંજુરી આપવાનું તથા આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

મુદ્દા નં.(૧):– દરખાસ્ત સાથે સામેલ યોજનાના નકશા મુજબના મુળખંડ નં.૧૫ ને તેના મુળખંડમાં જ અંતિમખંડ મળી રહે તે રીતે આ સાથે સામેલ નકશામાં (એનેક્ષર–૧) દર્શાવ્યા પ્રમાણે મુળખંડ નં.૧૫ તથા ૧૩ માં સમુચિત સત્તામંડળને "સેલેબલ કોમર્શીયલ" ના જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડ નં.૧૩૭ (આર–૨૦) ના સ્થાને ફાળવવાનું તથા અંતિમખંડ નં.૭૩ ને સ્થાનફેર કરી મુળખંડ નં.૧૧, ૧૩ તથા ૧૫ માં અંતિમખંડ નં.૧૫ ની પુર્વ તરફે ફાળવવાનું તથા તેને આનુસાંગિક ફેરફાર/સુધારો કરવો.

મુદ્દા નં.૨ઃ– દરખાસ્ત સાથે સામેલ યોજનાના નકશા મુજબ સમુચિત સત્તામંડળને "સોશીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર" ના જાહેર હેતુ માટે ફાળવવામાં આવેલ અંતિમખંડ નં.૧૩૨ (આર–૧૫) ના રીઝર્વેશનના ક્ષેત્રફળમાં વધારો થાય તે માટે આ સાથે સામેલ નકશામાં (એનેક્ષર–૨) દશાવ્યા પ્રમાણે અંતિમખંડ નં.૭૬ નું સ્થાનફેર કરી મુળખંડ નં.૭૨ પૈકી, ૭૩ પૈકી અને ૭૫/એ પૈકીવાળી જગ્યામાં અંતિમખંડ નં.૭૩ ની જગ્યાએ ફાળવવાનું તથા અંતિમખંડ નં.૭૯, ૭૭, ૯૨ ને રીકોન્સ્ટીટયુટ કરી તેને આનુસાંગિક ફેરફાર /સુધારો કરવો.

ઈનવર્ડ નં. ૧૬૭
ટી.પી.વી.
તારીખ ૨૦/૬/૧૫



મુદ્દા નં.૩:– દરખાસ્ત સાથે સામેલ યોજનાના નકશા મુજબના અંતિમખંડ નં.૧૦૫/બી ને સ્થાનફેર કરી આ સાથે સામેલ નકશામાં (એનેક્ષર–૩) દર્શાવ્યા પ્રમાણે સમુચિત સત્તામંડળને "સોશીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર" ના જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડ નં.૧૩૬ (આર–૧૯) માં ફાળવવાનું તથા અંતિમખંડ નં.૧૦૫/બી ની જગ્યાનું ક્ષેત્રફળ રીઝર્વેશન નં.૧૧૮ (આર–૧) માં આમેજ કરવાનું તથા તેને આનુસાંગિક ફેરફાર/ સુધારો કરવો.

**ઠરાવ નં.૨૨/૨૦૧૫ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.
તા. ૮–૬–૧૫.

ડીમ્મર...

Received On
Dt. 16/6/15

નં. ટીપીસ/ ૮/૧૨
તા. ૧૯/૬/૨૦૧૫

૨૦૧૫/૧૬ નં. ૮
અનુક્રમ નંબર ૦૮
૨૦/૬/૧૫